# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-11-2025 Day: Saturday Morning : 7.55 to 8.00 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી : આર્ય સમાજ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે કહ્યું કે આર્ય સમાજ એક એવું સંગઠન રહ્યું છે જે નિર્ભયતાથી ભારતીયતા વિશે વાત કરે છે અને તે રાષ્ટ્રવાદીઓનું સંગઠન છે. તેમણે કહ્યું કે, લાલા લજપત રાય અને રામ પ્રસાદ બિસ્મિલ જેવા ક્રાંતિકારીઓએ આર્ય સમાજમાંથી પ્રેરણા લીધી હતી. દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય આર્ય મહાસંમેલનને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, રાજકીય કારણોસર, સ્વતંત્રતા સંગ્રામમાં આર્ય સમાજની ભૂમિકાને તે સન્માન મળ્યું નહીં જેના તે લાયક હતું. તેમણે કહ્યું કે, આર્ય સમાજના 150 વર્ષ, આ પ્રસંગ ફક્ત સમાજના એક વર્ગ કે સંપ્રદાયનો નથી, તે ભારતની વૈદિક ઓળખનો છે.

---------------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી : ગુજરાત : રા. એકતા દિવસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને એક થવા અને વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે દેશની પ્રગતિ માટે પોતાને સમર્પિત કરવા અપીલ કરી. સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાતનાં એકતા નગરમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં એક વિશાળ સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ કરોડો લોકો દ્વારા લેવામાં આવેલા એકતાના શપથમાં રાષ્ટ્રવ્યાપી ભાગીદારી પર પ્રકાશ પાડ્યો, રાષ્ટ્રીય એકતાને મજબૂત કરવાના સામૂહિક સંકલ્પને પુનઃપુષ્ટિ આપી. તેમણે કહ્યું કે સ્વતંત્રતા પછી, સરદાર પટેલે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' ના સ્વપ્નને મૂર્તિમંત કરીને 550 થી વધુ રજવાડાઓને એક કરીને અશક્ય

લાગતા કાર્યને પ્રાપ્ત કર્યું. શ્રી  મોદીએ કહ્યું, ભારત ભાષાકીય વિવિધતામાં વિશ્વમાં સમૃદ્ધ દેશ બન્યો છે.

---------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી : એકતા દોડ

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150-મી જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે રાજ્યભરમાં ગઇકાલે એકતા દોડ યોજાઇ. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા યોજાયેલી સરદાર એટ 150 એકતા દોડનું પ્રસ્થાન કરાવ્યું. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરમાં સ્વર્ણિમ્ પાર્કથી મહાત્મા મંદિર અને ટાઉનહૉલ સુધી યોજાયેલી એકતા દોડનો પ્રારંભ કરાવ્યો હતો.

---------------------------------------------------------------------------------------

## કચ્છ : રાજ્યમંત્રી : એકતા દોડ

લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150-મી જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે રાજ્યભરમાં ગઇકાલે એકતા દોડનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત કચ્છ જિલ્લ મથક ભુજમાં યોજાયેલી એકતા દોડનું ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમ છાંગાએ પ્રસ્થાન કરાવ્યું હતું. આર. ડી. વરસાણી હાઈસ્કૂલથી જ્યુબિલી સર્કલ, જયનગર થઈ આ દોડ આર. ડી. વરસાણી ખાતે પૂર્ણ થઈ હતી.

---------------------------------------------------------------------------------------

## રાજ્ય : નવા મુખ્ય સચિવ

રાજ્યના નવા મુખ્યસચિવ તરીકે મનોજ કુમાર દાસે ગઇકાલે પદભાર સંભાળ્યો છે. વર્તમાન મુખ્યસચિવ પંકજ જોષી ગઇકાલે વયનિવૃત થતાં વર્ષ 1990ની બેચના **IAS** અધિકારી મનોજ કુમાર દાસને આ નવી જવાબદારી સોંપાઇ છે. કાર્યભાર સંભાળ્યા બાદ શ્રી દાસે કહ્યું તેઓ વહીવટી પ્રક્રિયા સરળ બને તે માટે પ્રયાસ કરશે.

---

## રાજ્ય : જુનાગઢ લીલી પરિક્રમા

જુનાગઢમાં યોજાનારી આ વર્ષની લીલી પરિક્રમા સ્થગિત કરવામાં આવી છે. કમોસમી વરસાદના કારણે પરિક્રમાના માર્ગમાં કાદવ-કીચડ થતાં યાત્રિકોની સલામતીને ધ્યાને લઈ ગિરનારની પરિક્રમા નહીં યોજાય. સાધુ સંતો, સંસ્થાઓ અને અધિકારીઓએ પરિક્રમા માર્ગનું સર્વગ્રાહી નિરીક્ષણ કર્યા બાદ જિલ્લા વહીવટી તંત્રએ માત્ર સાધુ-સંતોની પ્રતિકાત્મક પરિક્રમા યોજવાનો નિર્ણય કર્યો હોવાનું જિલ્લા કલેક્ટર અનિલ રણાવસિયાએ જણાવ્યું.

---

## રાજ્ય : હવામાન

અરબી સમુદ્રમાં દબાણના કારણે હવામાન ખાતાએ આગામી દિવસોમાં રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. ભરૂચ અને સુરત સહિત રાજ્યના અનેક વિસ્તારમાં આગામી ત્રણ દિવસ ભારે વરસાદ અને વાવાઝોડાની ચેતવણી અપાઈ છે. આ સાથે જ માછીમારોને આગામી ત્રણ દિવસ દરિયો ન ખેડવા અને સતર્ક રહેવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું..

---

## કચ્છ : કચ્છ યુનિ. અપગ્રેડેટ ગ્રેડ

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીને માન્યતા મળ્યાના 21 વર્ષ બાદ નેક દ્વારા ગત જૂન માસમાં 1.91 સીજીપીએ સાથે સી ગ્રેડની માન્યતા મળ્યા બાદ યુનિવર્સિટી દ્વારા કરાયેલી તથ્યસભર રજૂઆત બાદ નેકની અપીલ સમિતિએ તે માન્ય રાખી હતી અને પુન: મૂલ્યાંકન પ્રક્રિયા હાથ ધરાઈ હતી, જે પછી શુક્રવારે નેક દ્વારા 2.23 સીજીપીએ અપડેટેડ ગ્રેડ-બી અપાયો હતો, જે 14 જૂન 2025થી પાંચ વર્ષ માટે માન્ય રહેશે. આ તકે યુનિ.ના કુલપતિ ડો. મોહન પટેલ અને કુલસચિવ ડો. અનિલ ગોરે જણાવ્યું હતું કે, નેકના હેવાલ અને પરિણામનો

વિગતવાર અભ્યાસ કરવામાં આવશે. યુનિવર્સિટીને જે પણ ક્ષેત્રોમાં ઓછો સ્કોર પ્રાપ્ત થઈ રહ્યો છે, તે ક્ષેત્રોમાં ભવિષ્યમાં વધુ સ્કોર પ્રાપ્ત કરવા માટે પ્રયત્નો હાથ ધરાશે.

---